Elections Ontario

# તમારા મતપત્રને ચિહ્નિત કરવું

## ગુપ્ત પરબિડીયામાં મતપત્રને ચિહ્નિત કરવું

જો તમે તકનીકીવાળા મતદાનમાં અગાઉથી મતદાન દરમિયાન અથવા ચૂંટણીના દિવસે મતદાન કરી રહ્યાં છો, તો તમને ગુપ્ત પરબિડીયામાં મતપત્ર મળશે.

1. ગુપ્ત પરબિડીયું જેમાં સામેલ છે એ મતપત્રને મતદાન સ્ક્રીન પાછળ લઈ જાઓ.
2. ગુપ્ત પરબિડીયામાંથી મતપત્રને બહાર કાઢો અને તમે જે ઉમેદવારને મત આપવા માગો છો તેના નામની બાજુમાં સફેદ વર્તુળમાં એક X ચિહ્ન કરો.
3. ચિહ્નિત મતપત્રને ગુપ્ત પરબિડીયાની અંદર પાછું મૂકો અને તેને મત ટેબ્યુલેટર પરના વ્યક્તિ પાસે લઈ જાઓ.
4. તેઓ તમારા મતપત્રને ટેબ્યુલેટરમાં મૂકે ત્યાં સુધી રાહ જુઓ.

જો તમે તમારા મતપત્રને ચિહ્નિત કરવામાં ભૂલ કરો છો, તો મતપત્રને ગુપ્ત પરબિડીયાની અંદર મૂકો અને મતદાન અધિકારીને પાછુ આપો. તેઓ તમને ચિહ્નિત કરવા માટે મતપત્ર બદલી આપશે.

## વાળેલા મતપત્રને ચિહ્નિત કરવું

જો તમે તકનીકી વિનાના મતદાન પર અગાઉથી મતદાન દરમિયાન અથવા ચૂંટણીના દિવસે મતદાન કરી રહ્યાં છો, તો તમને વાળેલું મતપત્ર મળશે.

1. વાળેલા પતપત્રને વોટિંગ સ્ક્રીનની પાછળ લઈ જાઓ.
2. ઉમેદવારોના નામો જોવા માટે મતપત્રને ખોલો.
3. તમે જે ઉમેદવારને મત આપવા માગો છો તેના નામની બાજુમાં સફેદ વર્તુળમાં એક X ચિહ્ન કરો.
4. ચિહ્નિત મતપત્રને ફરીથી વાળો અને મતપત્રની પાછળ તેમની સહી ચકાસવા માટે મતદાન અધિકારીને પાછું આપો.
5. એકવાર મતપત્રની ચકાસણી થઈ જાય, પછી તે તમને મતપેટીમાં જમા કરાવવા માટે પાછુ આપવામાં આવશે.

જો તમે તમારા મતપત્રને ચિહ્નિત કરવામાં ભૂલ કરો છો, તો તેને ફરીથી વાળો અને તેને મતદાન અધિકારીને પાછું આપો. તેઓ તમને ચિહ્નિત કરવા માટે મતપત્ર બદલી આપશે.

## અંદર લખવાનું મતપત્ર ચિહ્નિત કરવું

જો તમે તમારી રીટર્નિંગ ઓફિસ પર મત આપી રહ્યા છો, તો તમને અંદર લખવાનું મતપત્ર મળશે.

1. વાળેલા મતપત્રને વોટિંગ સ્ક્રીનની પાછળ લઈ જાઓ.
2. જે ઉમેદવારને મત આપવા માગો છો તેનું પ્રથમ નામ અને અટક આપવામાં આવેલ ખાલી જગ્યામાં લખો.
3. ચિહ્નિત મતપત્રને ફરીથી વાળો અને મતપત્રની પાછળ તેમની સહી ચકાસવા માટે મતદાન અધિકારીને પાછુ આપો.
4. મતદાનની ચકાસણી થઈ ગયા પછી, તે તમને મતદાન પેટીમાં જમા કરાવવા માટે પાછું આપવામાં આવશે.

   જો તમે તમારા મતપત્રને ચિહ્નિત કરવામાં ભૂલ કરો છો, તો તેને ફરીથી વાળો અને તેને મતદાન અધિકારીને પાછુ આપો. તેઓ તમને ચિહ્નિત કરવા માટે મતપત્ર બદલી આપશે.

E0595 07-2020